

P.07

અભિનેત્રી મુનમુન દત્તા 'બિગ બોસ ૧૯' માં એન્ટ્રી કરી શકે

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

P.07

સોનાક્ષી સિંહાને શરદી, ખાંસી અને તાવ આવી રહ્યો છે



તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૩૧૪ । વિક્રમ સંવત ૨૦૮૧ : જેઠ વદ ૦૬ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 314 • Dt.17-06-2025 Tuesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


પૂંછમાં સુરક્ષા દળોએ પાકિસ્તાનમાં છુપાયેલા આતંકવાદી સહાયકોના ઠેકાણાઓની તપાસ



07

17 JUNE- 2025 TUESDAY



07

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધ હવે વધી રહ્યું છે, જેના કારણે મધ્ય પૂર્વમાં તણાવ વધી રહ્યો છે

શહેરના વાતાવરણમાં અચાનક પલટો

## પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં હળવો વરસાદ વરસ્યો । અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારમાં વરસાદી માહોલ જામ્યો

# અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારમાં ઠેર ઠેર ભારે પવન સાથે વરસાદ

## પાલડી, અંજલી, જોધપુર, શાસ્ત્રીનગર, વેજલપુર, થલતેજ, સેટેલાઈટ, ઓઢવ વાડજ,નિર્ણયનગર વગેરે વિસ્તારોમાં પવન સાથે વરસાદી માહોલ જામ્યો હતો અને વરસાદ પડયો હતો

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૧૫ ।

અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારમાં વરસાદી માહોલ જામ્યો છે. પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં હળવો વરસાદ વરસ્યો છે. અસારવા વિસ્તારમાં પવન સાથે વરસાદનું આગમન થયું છે. સિવિલ હોસ્પિટલની નજીકના વિસ્તારોમાં ધોધમાર વરસાદ થયો છે.અમદાવાદ શહેરમાં વહેલી સવારથી વરસાદી માહોલ છવાયો હતો. વહેલી સવારે શહેરમાં કાળા ડિબાંગ વાદળો છવાયા હતા. કેટલાક વિસ્તારમાં વરસાદી ઝાપટા પડ્યા હતા. પાલડી, અંજલી, જોધપુર, શાસ્ત્રીનગર, વેજલપુર, થલતેજ, સેટેલાઈટ, ઓઢવ વાડજ,નિર્ણયનગર વગેરે વિસ્તારોમાં પવન સાથે વરસાદી માહોલ જામ્યો હતો અને વરસાદ પડયો હતો

ગુજરાતની જનતા આતુરતાથી ચોમાસું બેસવાની રાહ જોઈ રહી છે. જો કે હવે રાહ જોવાનો સમય પુરો થયો છે. રાજ્યમાં આગામી ૩ દિવસમાં વિધિવત રીતે ચોમાસાનો પ્રારંભ થશે તેવી આગાહી હવામાન નિષ્ણાંત અંબાલાલે કરી છે. ૧૭થી ૧૯ જૂન સુધી તેમણે સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરી છે. માત્ર સૌરાષ્ટ્રજ નહીં દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં પણ ગાજવીજ સાથે વરસાદની અંબાલાલની આગાહી છે.મધ્ય ગુજરાતના વડોદરા સહિતના વિસ્તારોમાં વરસાદની આગાહી છે. અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારમાં વરસાદી માહોલ જામ્યો છે.



તો પંચમહાલ, દાહોદ, મહિસાગરમાં પણ અતિભારે વરસાદની શક્યતા અંબાલાલે દર્શાવી છે. મહેસાણા, પાલનપુર, થરાદ, પાટણમાં ગાજવીજ સાથે વરસાદની સંભાવના અંબાલાલે વ્યક્ત કરી છે. અંબાલાલે આગામી ૨૬ જૂનથી ૩૦ જુન અતિભારે વરસાદની આગાહી કરી છે.

ભાવનગરમાં મેઘરાજાએ દે ધનાધન શરૂ કર્યું

# ચોમાસા પહેલાં જ વરસાદે ધડબડાટી બોલાવી । પાલિતાણામાં છ ઇંચ જેટલો વરસાદ મહુવામાં પણ ૫.૮૩ ઇંચ વરસાદ પડ્યો

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૧૬ ।

ગુજરાતમાં ચોમાસા પહેલાં જ વરસાદે ધડબડાટી બોલાવી છે. આજે દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં વરસાદે માજા મૂકી છે. આજે સવારના ૬ કલાકે ૭૦ તાલુકામાં વરસાદ વરસ્યો છે. જેમાં ભાવનગરમાં સૌથી વધુ વરસાદ ખાબક્યો છે. ત્યારે હજી આજે અને આવતીકાલે ગુજરાતના અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી હવામાન વિભાગે આપી છે.હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, આજે સવારે ૬ વાગ્યાથી ૧૨ વાગ્યા સુધીમાં એટલે કે, છ કલાકમાં ગુજરાતના ૭૦ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં ભાવનગરના જેસરમાં સૌથી વધુ ૭ ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે. અહીં માત્ર ૧૦ થી ૧૨ વાગ્યા સુધી એટલે કે બે કલાકમાં જ ચાર કલાકથી વધારે વરસાદ નોંધાયો છે.ભાવનગરમાં આજે સવારથી મેઘરાજાએ દે ધનાધન શરૂ કર્યું હતું. અહીં જેસર ઉપરાંત, પાલિતાણામાં ૫.૯૪ ઇંચ એટલે કે છ ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત ભાવનગરના મહુવામાં પણ ૫.૮૩ ઇંચ વરસાદ પડ્યો છે. ભાવનગરના તળાજા અને શિહોરમાં પણ આજે સવારથી વરસાદ વરસી રહ્યો છે. અહીં તળાજામાં ત્રણ ઇંચ અને શિહોરમાં ૧.૮૧ ઇંચ વરસાદ નોંધાયો છે. ખાંભા, ગારિયાધાર, હાંસોટ, સુત્રાપાડા, ઉના, ઉમરગામ, રાજુલામાં પણ આજે સવારે વરસાદ વરસ્યો છે. અહીં ચાર કલાકમાં એક ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે.હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, ૧૧ જિલ્લામાં રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં રેડ એલર્ટ આપવામાં આવ્યું છે.







## દીકરાનો મૃતદેહ વતન આવતા ગામ લોકો હિબકે ચઢ્યા, સગાઈ માટે લંડનથી આવ્યો હતો

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૧૬ ।

અમદાવાદમાં થયેલી દુર્ભાગ્યપૂર્ણ વિમાન દુર્ઘટનામાં બોટાદ જિલ્લાના અડતાળા ગામના વતની હાર્દિકભાઈ અવૈયા ઉંમર ૨૪ વર્ષે નિધન થતાં સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે. હાર્દિકનો મૃતદેહ આજે સવારે તેમના વતન અડતાળા ગામે લાવવામાં આવતા પરિવારમાં આક્રંદ છવાઈ ગયો હતો. આ યુવાન પુત્રના અકાળે અવસાનથી અવૈયા પરિવાર પર જાણે આભ તૂટી પડ્યું છે.અમદાવાદ પ્લેન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા હાર્દિકભાઈ અવૈયાનો મૃતદેહ અડતાળા લાવવામાં આવ્યો હતો. હાર્દિકનો મૃતદેહ ઘરે પહોંચતા પરિવારમાં ભારે આક્રંદ છવાયો હતો. દીકરાના લાશ જોતા જ પરિવાર ઉપર આભ ફાટ્યું હતું. હાર્દિકને લંડન અભ્યાસ માટે તેના પિતા દેવરાજભાઈ અવૈયાએ જમીન વેચીને મોકલ્યો હતો.

## જામનગરના દિગ્વિજય પ્લોટ વિસ્તારમાં રહેતા યુવાન પર જુની અદાવતના કારણે હુમલો

। પ્રતિનિધિ, જામનગર, તા.૧૬ ।

જામનગર દિગ્વિજય પ્લોટ વિસ્તારમાં રહેતા અજય ભરતભાઈ કનખરા ઉર્ફડ લાલો નામના ૨૮ વર્ષના યુવાન પર ગઈકાલે રાત્રિના જૂની અદાવતનું મન દુઃખ રાખીને ત્રણથી ચાર શખ્સોએ છરી અને લોખંડના પાઈપ વડે હુમલો કરી લોહી લુહાણ કર્યો હતો. જેથી ઈજાગ્રસ્ત યુવાનને સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડાયો હતો, અને જ્યાં તેની ઘનિષ્ઠ સારવાર કરવી પડી હતી, અને માથામાં ટાંકા લેવા પડ્યા હતા. આ બનાવની જાણ થતાં જામનગર મહાનગરપાલિકાના કોપૉરેટર મનીષભાઈ કનખરા તેમજ અન્ય અગ્રણીઓ જી.જી.હોસ્પિટલમાં દોડી ગયા હતા. આ બનાવ બાદ સીટી બી.ડિવિઝનની પોલીસ ટુકડી પણ જી.જી હોસ્પિટલમાં દોડી ગઈ હતી, અને આ બનાવ અંગે ગુનો નોંધવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. જી.જી. હોસ્પિટલમાં ખસેડાયો હતો.

### પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના અંતિમ દર્શન

# રાજકોટના રસ્તાઓ પર ભીડ એકઠી થઈ

**રૂપાણીનો પાર્થિવદેહ અમદાવાદ એરપોર્ટ ખાતે પહોંચ્યો હતો તેમની સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, મંત્રીમંડળના સભ્યો, ભાજપ પ્રમુખ સી.આર. પાટીલ સહિતના વરિષ્ઠ નેતાઓ**

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૧૬ ।

પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના રાજકીય સન્માન સાથે અહીં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે. તેમનો પાર્થિવદેહ પંચમહાનભૂતમાં વિલિન થયો છે. વિજય રૂપાણી ૧૨ જૂનના રોજ દીકરીને મળવા માટે લંડન જઈ રહ્યા હતા. તેઓ એર ઈન્ડિયા પ્લેનમાં જઈ રહ્યા હતા તે જ પ્લેન ક્રેશ થતા તેમનું મૃત્યુ થયું હતું. સ્વ. રૂપાણીના પાર્થિવદેહના રવિવારે ડીએનએ સેમ્પલ મેચ થયા હોવાની પુષ્ટી સિવિલ હોસ્પિટલ સત્તાધીશોએ કરી છે. આજે સવારે રૂપાણીના ધર્મપત્ની અંજલિબેન તથા પુત્ર ઋષભ અને પુત્રી સહિતના પરિવારજનોએ અમદાવાદ સિવિલ હોસ્પિટલથી વિજય રૂપાણીનો પાર્થિવદેહનો સ્વીકાર કર્યો હતો રાજ્ય સરકારે સોમવારે એક દિવસનો રાજકીય શોક જાહેર કર્યો હતો.રાજ્ય સરકારે પૂર્વ મુખ્યમંત્રીની અંતિમ વિદાયને ગૌરવમય બનાવી અદકેરું સન્માન આપ્યું હતું. આજ રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં દિવંગત નેતાના પાર્થિવ દેહને રાજ્ય સરકારી માનદંડ અનુસાર ગાર્ડ ઓફ ઓનર આપી સન્માનિત કરવામાં આવ્યો હતો.પાર્થિવ દેહને શ્રદ્ધાંજલિ આપ્યા બાદ તેમનાં ધર્મપત્ની અને પુત્ર સહિતના પરિવારજનોને સંપૂર્ણ સન્માન સાથે સોંપવામાં આવ્યો. સમગ્ર પ્રક્રિયા રાજ્યના પ્રોટોકોલ અનુસાર અને શ્રદ્ધાપૂર્વક કરવામાં આવી હતી.




રૂપાણીનો પાર્થિવદેહ અમદાવાદ એરપોર્ટ ખાતે પહોંચ્યો હતો તેમની સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, મંત્રીમંડળના સભ્યો, ભાજપ પ્રમુખ સી.આર. પાટીલ સહિતના વરિષ્ઠ નેતાઓ પણ હાજર હતાં . વિજય રૂપાણીના પાર્થિવ દેહને વિમાન મારફતે રાજકોટ લઈ જવામાં આવ્યો હતો રાજકોટ એરપોર્ટથી સ્વ.રૂપાણીના પાર્થિવદેહને ગ્રીન લેન્ડ ચોકડી ખાતેથી પ્રકાશ સોસાયટી સુધી વિવિધ માર્ગો પર અંતિમ દર્શન માટે વિશેષ રૂપથી તૈયાર કરાયેલા વાહનમાં ગોઠવીને અંતિમ યાત્રા કાઢવામાં આવી હતી રસ્તાની બાજુ રાજકોટવાસીઆએ ઉભા રહીને રૂપાણીને શ્રધ્ધાંજલિ અર્પિત કરી હતી તેમના પાર્થિવદેહ પર ફુલોનો વરસાદ કર્યો હતો કેટલાક લોકો દીપ પ્રગટાવીને પણ ઉભા હતાં રૂપાણીનો પાર્થિવદેહ પ્રકાશ સોસાયટી ખાતે અંતિમ દર્શન માટે રખાયો હતો વિજયભાઈના નિવાસ્થાને મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતાં.

## વિમાનમાં સવાર મુસાફરો ઉપરાંત, ટાટા ગ્રુપ માર્યા ગયેલા 33 લોકોને પણ વળતર આપશે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૫ ।

ટાટા ગ્રુપે જાહેરાત કરી છે કે તે અમદાવાદમાં થયેલા વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ૩૩ અન્ય લોકોને ૧ કરોડ રૂપિયાનું વળતર આપશે. આનો અર્થ એ થયો કે ટાટા ગ્રુપે કહ્યું છે કે તે એવા લોકોને પણ વળતર આપશે જેઓ વિમાનમાં નહોતા પરંતુ આ અકસ્માતમાં પોતાનો જીવ ગુમાવ્યો છે. ઘટના સમયે, આ ૩૩ લોકો અમદાવાદમાં બીજે મેડિકલ કોલેજના કેમ્પસમાં હતા. આ કેમ્પસ અમદાવાદ એરપોર્ટની બાજુમાં આવેલું છે.ટાટા ગ્રુપે એમ પણ કહ્યું છે કે તે અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોના તબીબી ખર્ચનો ભોગ બનશે. ગ્રુપે કહ્યું છે કે તે ખાતરી કરશે કે ઘાયલોને જરૂરી સંભાળ અને સહાય મળે.યાદ અપાવવા જેવી વાત એ છે કે ટાટા ગ્રુપે વિમાન દુર્ઘટનામાં માર્યા ગયેલા ૨૪૧ લોકોના પરિવારોને ૧ કરોડ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી હતી. ટાટા ગ્રુપે કહ્યું છે કે તે બીજે મેડિકલ હોસ્ટેલના પુનઃનિર્માણમાં પણ મદદ કરશે. વિમાન દુર્ઘટનામાં આ હોસ્ટેલને ભારે નુકસાન થયું છે.ટાટા ગ્રુપ દ્વારા જાહેર કરાયેલા ૧ કરોડ રૂપિયા ઉપરાંત, અકસ્માતમાં જીવ ગુમાવનારા મુસાફરોને વીમા કંપનીઓ તરફથી લગભગ ૧.૫ કરોડ રૂપિયાનું વળતર પણ મળશે.

## ઝાલાવાડમાં ૫ વર્ષમાં ૬ બાળમજૂરને મુક્ત, ૧ લાખનો દંડ વસૂલાયો

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૧૫ ।

સુરેન્દ્રનગર જીલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં ૦૬ બાળકોને બાળમજૂરીમાંથી મુક્ત કરાવવામાં આવ્યા છે. જાન્યુઆરી ૨૦૨૦ થી એપ્રિલ ૨૦૨૫ સુધીમાં જિલામાં ૧૦૯ જેટલી રેડ કરીને ૦૬ બાળ શ્રમિકો અને ૩૭ તરુણ શ્રમિકો એમ કુલ ૪૩ બાળ-તરૃણ શ્રમિકોને મુક્ત કરાવ્યા છે. જે અંતર્ગત મજૂરીએ રાખનાર આવા એકમો પાસેથી કુલ રૂ. ૧ લાખ કરતાં વધુનો દંડ પણ વસૂલવામાં આવ્યો છે. જિલ્લમાં કાયદા હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં દોષિતો સામે કુલ ૧૭ ફોજદારી કેસ દાખલ કરવામાં આવ્યા છે અને કુલ ૧૨ એફ.આઈ.આર. નોંધવામાં આવી છે. તેમજ શ્રમ આયુક્ત કચેરી દ્વારા કોઈ બાળક મજુરી કરતું દેખાય અથવા જણાઈ આવે તો ચાઈલ્ડ હેલ્પલાઈન નંબર અથવા નજીકના પોલીસ સ્ટેશન કે શ્રમ વિભાગની કચેરીનો સંપર્ક કરવા જણાવાયું છે તેમજ માહિતી આપનારની ઓળખ પણ ગુપ્ત રાખવામાં આવશે. સુરેન્દ્રનગર જીલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં ૦૬ બાળકોને બાળમજૂરીમાંથી મુક્ત કરાવવામાં આવ્યા છે. જાન્યુઆરી ૨૦૨૦ થી એપ્રિલ ૨૦૨૫ સુધીમાં જિલામાં ૧૦૯ જેટલી રેડ કરીને ૦૬ બાળ શ્રમિકો અને ૩૭ તરુણ શ્રમિકો એમ કુલ ૪૩ બાળ-તરૃણ શ્રમિકોને મુક્ત કરાવ્યા છે.

## બોડેલીની નેન્સી પટેલના અંતિમ સંસ્કાર પહેલા જ તંત્રની ઘોર બેદરકારી

। પ્રતિનિધિ, છોટાઉદેપુર, તા.૧૬ ।

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી ના ગંગા નગર સોસાયટીમાં રહેતા દિલીપભાઈ પટેલની પુત્રી નેન્સી પટેલ જેના વડોદરા ખાતે લગ્ન થયા છે તે દીકરીનું અમદાવાદમાં થયેલી વિમાન દુર્ઘટનામાં દુઃખદ અવસાન થયું હતું. નેન્સી પટેલ પોતાની દીકરીને મૂકવા વડોદરા આવી હતી અને પરિવારને મળવા માટે બોડલી પણ આવી હતી પરંતુ વિદાય એ રીતે થશે તે કોઈ કલ્પી પણ ન શક્યું.

મૃતદેહોની ઓળખ માટે પરિવાર જન્મમાં ઢફ્ઞછ સેમ્પલ લઇ ટેસ્ટ કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી તંત્ર દ્વારા તેના પરિવારજનોને ફોન કરીને જાણ કરવામાં આવી કે “તેમનો ડીએનએ રિપોર્ટ મેચ થયો છે” અને મૃતદેહ લેવા માટે અમદાવાદ બોલાવ્યા હતા. ત્યારે પરિવારજનો એમ્બ્યુલન્સ લઈ નેન્સીનો મૃતદેહ લેવા વડોદરાથી અમદાવાદ પહોંચ્યા હતા.

તેના આધારે પરિવારજનો શનિવારે નેન્સીના અંતિમ સંસ્કારની તૈયારીમાં લાગી ગયા હતા સગા-સંબંધીઓને જાણ કરવામાં આવી દુઃખદ વળાંક આવ્યો ત્યારે, જયારે તંત્ર તરફથી માહિતી મળીને જણાવ્યું કે જે ઢફ્ઞછ રિપોર્ટ મેચ થયો છે તેમાં “નેન્સીનું નામ નથી”. આ સમાચાર મળતાની સાથે આખું પરિવાર ધક્કામાં આવી ગયું. પૂરજોશે કરાયેલા અંતિમ સંસ્કારના આયોજનને તાત્કાલિક મેસેજ અને ફોન કરી રદ કરવું પડ્યું.

### અમરેલી જિલ્લામાં મેઘો ગાંડોતૂર

# નદીઓના પાણી ગામમાં ઘૂસ્યા, જ્યાં જુઓ ત્યાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઇ!!!

। પ્રતિનિધિ, અમરેલી, તા.૧૬।

ગુજરાતમાં આજથી ચોમાસાની ધમાકેદાર શરૂઆત થઈ ગઈ છે. રાજ્યના ૧૦૧ તાલુકાઓમાં છેલ્લા ૮ કલાકમાં વરસાદ નોંધાયો છે, જેમાં અમરેલી જિલ્લો પણ સામેલ છે. અમરેલી જિલ્લામાં સોમવાર, ૧૬ જૂન ૨૦૨૫ના રોજ સવારે ૬:૦૦ વાગ્યાથી શરૂ થયેલા ધોધમાર વરસાદે ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં હાલાકી સર્જી છે. સાવરકુંડલા, રાજુલા, ખાંભા અને લીલીયા તાલુકાઓમાં ભારે વરસાદને કારણે રોડ-રસ્તાઓ બંધ થયા છે, નદીઓમાં ઘોડાપૂર આવ્યું છે અને ગામોમાં પાણી ભરાયા છે.



સાવરકુંડલા તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં ભારે વરસાદે રસ્તાઓ પર પાણી ફરી વળ્યું છે. છાપરી ગામે આવેલી નદીમાં ઘોડાપૂર આવતાં છાપરી અને વીજપડી ગામને જોડતો પુલ પાણીમાં ગરક થયો છે, જેના કારણે આ રસ્તો બંધ થયો છે. ઘોબા ગામમાં ભારે વરસાદથી ગોઠણસમા પાણી ભરાયા છે, જેના કારણે ગામની શેરીઓમાં નદી જેવો માહોલ સર્જાયો છે. આ ગામમાં ત્રણથી ચાર ઈંચ વરસાદ નોંધાયો, જેના કારણે ગામમાં પાણી-પાણી જોવા મળી રહ્યું છે.

અમરેલીના ઘોબા ગામની શેરીઓમાં નદી જેવો માહોલ સર્જાયો છે, જેના કારણે રહેવાસીઓને અવરજવરમાં મુશ્કેલી પડી રહી છે. ફિફાદ અને ઘોબા ગામ વચ્ચેના નદી-નાળાઓમાં પાણીનો પ્રવાહ એટલો તેજ બન્યો છે કે, પૂરની સ્થિતિ સર્જાઈ છે, જેના લીધે આ વિસ્તારોમાં ખેતરો અને રસ્તાઓ પર પાણી ફરી વળ્યું છે.

રાજુલા તાલુકાના ચાંચબંદર, સમઢીયાળા, ખેરા, પટવા અને દરિયાઈ ટાપુ વિસ્તારોમાં ધોધમાર વરસાદે રસ્તાઓ પાણીમાં ગરકાવ કર્યા છે. અનેક ગામોમાં રસ્તાઓ બંધ થયા, જેના કારણે લોકોની અવરજવર ખોરવાઈ છે. ખાંભા તાલુકાના ભાવરડી, ડેડાણ અને માલક ગામોમાં ભારે વરસાદથી નદીઓમાં ઘોડાપૂર આવ્યું છે. લીલીયા તાલુકાના ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં પણ ધોધમાર વરસાદના કારણે રસ્તાઓ અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે.



### વિજય રૂપાણીનું એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટનામાં અવસાન થયું હતુ

# એફિડેવિટ અનુસાર વિજય રૂપાણીની કુલ જાહેર ચલ સંપત્તિઓની કિંમત ૫.૪૩ કરોડ રૂપિયા હતી

**મેડિકલ કોલેજ એર ઈન્ડિયાની ફ્લાઈટ એઆઈ૧૭૧ દ્વારા લંડન જઈ રહ્યા હતા, આ વિમાનમાં કુલ ૨૪૨ લોકો સવાર હતા**





। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૬ ।

ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપણીનું ૧૨ જૂન, ૨૦૨૫ના રોજ અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ નજીક એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટનામાં અવસાન થયું હતું. તેમની ઉંમર ૬૧ વર્ષ હતી. તેઓ એર ઈન્ડિયાની ફ્લાઈટ એઆઈ૧૭૧ દ્વારા લંડન જઈ રહ્યા હતા. આ વિમાનમાં કુલ ૨૪૨ લોકો સવાર હતા, જેમાં ૧૬૯ ભારતીય, ૫૩ બ્રિટિશ, ૭ પોર્ટુગીઝ અને ૧ કેનેડિયન નાગરિકનો સમાવેશ થાય છે. ટેકઓફ થયાની થોડી મિનિટો પછી, વિમાન મેઘાણીનગર વિસ્તારમાં બીજે મેડિકલ કોલેજના ડોક્ટર્સ હોસ્ટેલ પર ક્રેશ થયું. વિજય રૂપાણી કરોડોની સંપત્તિ છોડી ગયા છે. આ ઉપરાંત, ટાટા ગ્રુપે અકસ્માતમાં માર્યા ગયેલા લોકોના પરિવારને ૧ કરોડ રૂપિયાની સહાય આપવાની પણ જાહેરાત કરી છે.

૨૦૨૧મા ચૂંટણીમાં દાખલ કરવામાં આવેલા એફિડેવિટ અનુસાર વિજય રૂપણીની કુલ જાહેર ચલ સંપત્તિઓની કિંમત ૫.૪૩ કરોડ રૂપિયા હતી.જેમાં રોકડ: રૂ. ૨,૧૦,૨૩૩,બેંક ડિપોઝીટ: રૂ. ૭૪,૯૩,૧૫૮,શેર અને મ્યુચ્યુઅલ ફંડ: રૂ. ૩,૦૦,૯૬,૪૧૨,ઝવેરાત: રૂ. ૧૭,૯૪,૬૭૨,વીમા પૉલિસી: રૂ. ૧૬,૫૬,૧૨૨,વાહનો: રૂ. ૧૭,૮૫,૪૮૦,લોન: રૂ. ૮૨,૫૫,૦૩૬

વિજય રૂપાણી પાસે કુલ ૩ કરોડ રૂપિયાના મૂલ્યની અચલ સંપત્તિઓ હતી.,રાજકોટ બિન-ખેતી જમીન: રૂ. ૧,૪૧,૭૬,૦૦૦,આવાસ: રૂ. ૨,૦૩,૩૧,૦૦૦,વાણિજ્યિક મિલકત: રૂ. ૨૧,૦૦,૦૦૦

ચૂંટણી એફિડેવિટ અનુસાર વિજય રૂપણી પર ૮૩ લાખ રૂપિયાનું દેવું હતું, જે તેમણે પરિવારના સભ્યો અને નજીકના સહયોગીઓ પાસેથી ઉધાર લીધું હતું. આ દેવું અંજલીબેન રૂપાણી અને બિપિનભાઈ જેવા પરિચિતો પાસેથી લેવામાં આવ્યું હતું.

વર્ષ ૨૦૧૭ અને ૨૦૨૨મા આપવામાં આવેલા ચૂંટણી એફિડેવિડથી ખ્યાલ આવે છે કે વિજય રૂપાણી અને તેમના પત્ની અંજલીબેનની સંયુક્ત કુલ સંપત્તિ લગભગ ૯.૨૧ કરોડ રૂપિયા હતી.,પત્નીની ચલ સંપત્તિ: લગભગ ૫૦ લાખ રૂપિયા પત્નીની અચલ સંપત્તિ: લગભગ ૧ કરોડ રૂપિયા આ સંપત્તિ રાજકોટ અને અમદાવાદના મુખ્ય લોકેશન પર હતી, જેનો ભાવ સતત વધી રહ્યો છે. ટાટા ગ્રુપે અકસ્માતમાં માર્યા ગયેલા લોકોના પરિવારને ૧ કરોડ રૂપિયાની સહાય આપવાની પણ જાહેરાત કરી છે.

---

### સુઈગામ તાલુકાના ધનાણા ગામમાં દારૂ પીવા પર દંડની જોગવાઇ

# દારૂ પીવા કે વેચાણ પર ૨,૦૦,૦૦૦નો દંડ, ગ્રામજનોએ દારૂબંધીને લઈને નિર્ણય કર્યો

। પ્રતિનિધિ, પાલનપુર,તા.૧૬ ।

રાજ્યમા દારુ બંધી છે, પરંતુ દારુના શોખીનો કોઈને કોઈ રીતે દારૂ પીવાની વ્યવસ્થા કરી જ લે છે.. દારૂના શોખીનોની સંખ્યા મોટી હોવાથી દારૂ વેચનારાઓ પણ ઉભા થઈ જતા હોય છે.. દારૂનું વ્યસન એવું વ્યસન છે જે સમગ્ર પરિવારને બરબાદ કરી નાંખે છે.કેટલાક ગામો આ બદીને નાથવા આગળ આવે છે અને પોતાના ગામ માટે અલગ નિયમ પણ બનાવે છે જેથી ગામને વ્યસન મુક્ત કરી શકાય.આવું જ એક ગામ છે સરહદી જિલ્લા બનાસકાંઠાના સૂઈગામ તાલુકામાં આવેલું ધનાણા ગામ.સુઈગામ તાલુકાના ધનાણા ગામમાં દારૂ પીવા પર દંડની જોગવાઈ કરવામાં આવી છે. ગામના શિવ મંદિરમાં ગ્રામજનોની બેઠક યોજાઈ હતી..જેમાં એવું નક્કી કરાયું હતું કે ધાનાણા ગામમાં કોઈ દારુ પીશે કે દારૂનું વેચાણ કરશે તો તેને ૨ લાખ રૂપિયા દંડ ફટકારવામાં આવશે..ગામના લોકોએ દાર ન પીવાના અને દારૂ ન વેચવાના શપથ શિવમંદિરમાં લીધા હતા. ગ્રામજનોનું માનવું છે કે દારુબંધીના કારણે ગામ વ્યસન મુકત બનશે. રાજ્યમા દારુ બંધી છે, પરંતુ દારુના શોખીનો કોઈને કોઈ રીતે દારૂ પીવાની વ્યવસ્થા કરી જ લે છે.. દારૂના શોખીનોની સંખ્યા મોટી હોવાથી દારૂ વેચનારાઓ પણ ઉભા થઈ જતા હોય છે.. દારૂનું વ્યસન એવું વ્યસન છે જે સમગ્ર પરિવારને બરબાદ કરી નાંખે છે.કેટલાક ગામો આ બદીને નાથવા આગળ આવે છે.

---

## મેટ્રીમોનિયલ સાઈટ પરથી લગ્નને બહાને ઈન્દોરની હોટલમાં બળાત્કાર ગુજારનાર વડોદરાનો યુવક પકડાયો

। પ્રતિનિધિ, વડોદરા, તા.૧૬ ।

મેટ્રીમોનિયલ સાઈટ પરથી સંપર્ક કર્યા બાદ વડોદરાના યુવકે ઈન્દોરની યુવતી પર બળાત્કાર ગુજારતા પોલીસે યુવકને ઝડપી પાડ્યો છે.ઈન્દોરના લસુન્દ્રા વિસ્તારની યુવતી અને વડોદરાના યુવક વચ્ચે શાદી ડોટ કોમ પર પરિચય થયો હતો. બંનેની પ્રોફાઈલ મેચ થતાં બે મહિના સુધી મોબાઈલ પર સંપર્કમાં રહ્યા હતા અને ત્યારબાદ ઈન્દોરમાં મુલાકાત ગોઠવી હતી. વડોદરાનો યુવક બે દિવસ ઈન્દોરની હોટલમાં રોકાયો હતો. જે દરમિયાન બંને વચ્ચે ઝઘડો થતાં યુવકે યુવતીના મોબાઈલ નંબરને બ્લોક કરી દીધો હતો. જેથી તેણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ઈન્દોર પોલીસે વડોદરા પોલીસને જાણ કરતા ક્રાઈમ બ્રાન્ચની ટીમે ભરત પ્રકાશ ચંદ્ર જેનાની સમૃદ્ધિ સાફલ્ય ફ્લેટ યમુના મીલ સોમા તળાવ પાસે ડભોઈ રોડને ઝડપી પાડી ઈન્દોર પોલીસને તજવીજ કરી હતી. મેટ્રીમોનિયલ સાઈટ પરથી સંપર્ક કર્યા બાદ વડોદરાના યુવકે ઈન્દોરની યુવતી પર બળાત્કાર ગુજારતા પોલીસે યુવકને ઝડપી પાડ્યો છે.ઈન્દોરના લસુન્દ્રા વિસ્તારની યુવતી અને વડોદરાના યુવક વચ્ચે શાદી ડોટ કોમ પર પરિચય થયો હતો.

---

## હું ટાટાને ૨ કરોડ રૂપિયા આપીશ, મારા પિતાને પાછા લાવો : ફાલ્ગુની

। પ્રતિનિધિ, અમદાવાદ,ત.૧૬ ।

એર ઈન્ડિયાના AI-૧૭૧ વિમાન દુર્ઘટનામાં પિતાના મૃત્યુથી આઘાત પામેલી પુત્રી ફાલ્ગુનીનો એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં તેણીએ કહ્યું હતું કે જો તેઓ તેના પિતાને પાછા લાવી શકે, તો તે ટાટા ગ્રુપને ૨ કરોડ રૂપિયા આપવા તૈયાર છે. તમને જણાવી દઈએ કે અકસ્માત બાદ ટાટા ગ્રુપે મૃતકોના પરિવારજનોને ૧ કરોડ રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી હતી. ફાલ્ગુની તેના પિતાના મૃતદેહની ઓળખ માટે ડીએનએ ટેસ્ટ માટે તેના લોહીના નમૂના આપવા આવી હતી, તેના નિવેદન અને ચારેબાજુ ભયના વાતાવરણ વચ્ચે, બીજે મેડિકલ કોલેજમાં લોહીના નમૂના આપવા માટે એકઠા થયેલા પરિવારોમાં નિરાશાનું વાતાવરણ સ્પષ્ટપણે દેખાઈ રહ્યું હતું. ઘણા લોકો રડી રહ્યા હતા અને ઘણા ચૂપચાપ બેઠા હતા.ફાલ્ગુની તેના પિતાના અચાનક મૃત્યુથી ખૂબ જ આઘાત પામી છે. તેણે રડતા રડતા પૂછ્યું - શું વળતર ક્યારેય મારા પિતાને પાછા લાવી શકે છે? મારી માતા બીમાર છે, અને તેને મારા પિતાની જરૂર છે. મને તેમના પ્રેમ અને સ્નેહની જરૂર છે. ‘‘જો તેઓ મારા પિતાને પાછા લાવી શકે, જેમને હંમેશા એર ઈન્ડિયામાં મુસાફરી કરવાનું પસંદ હતું, તો હું તેમને ૨ કરોડ રૂપિયા આપીશ,’’ ફાલ્ગુનીએ પોતાના બ્લડ સેમ્પલ આપવાની રાહ જોતા કહ્યું.સિવિલ હોસ્પિટલના અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું હતુ કે ૨૧૯ લોકોના સેમ્પલ લેવાનું પૂર્ણ થઈ ગયું છે. મોટાભાગના સંબંધીઓએ સેમ્પલ આપ્યા છે. ‘‘અમને કેટલાક વિદેશી નાગરિકો પણ મળ્યા છે. માનવ અવશેષોનું ડીએનએ વિશ્લેષણ પણ કરવામાં આવી રહ્યું છે. એકવાર મેચિંગ થઈ ગયા પછી, ઓળખ શરૂ થશે. ત્યારબાદ, મૃતદેહો સંબંધીઓને સોંપવામાં આવશે,’’ એક અધિકારીએ જણાવ્યું. અધિકારીઓએ જણાવ્યું હતું કે મૃતકોના ડીએનએનું વિશ્લેષણ કરવા માટે ઘણી ટીમો તૈનાત કરવામાં આવી છે.






## તંત્રી લેખ..

# જોબ માર્કેટ પર દબાણ

કોરોના વાયરસના કારણે માત્ર ભારતમાં જ નહીં બલ્કે સમગ્ર દુનિયામાં દરેક ક્ષેત્રમાં ભીષણ મંદી આવી આવી ગઈ છે. ઉદ્યોગોની કમર તુટી ગઈ છે. લાંબા સમય સુધી લોકડાઉન રહ્યા બાદ આ પ્રકારની સ્થિતી સર્જાઈ ગઈ છે. એવા સમયમાં જોબ માર્કેટમાં દબાણ વધી રહ્યુ છે. રિપોર્ટ મુજબ લાખો કરોડો લોકોની નોકરી જતી રહી છે. આગામી દિવસો નોકરી કરનાર લોકો માટે વધારે ખતરનાક રહી શકે છે. જો કે નિષ્ણાંતો એ ક બાબત તો ચોક્કસ કહે છે કે એવી ધારણા ખોટી છે કે મોટી વયમાં સારી જોબ મળી શકે નહી. કોઈ પણ વયમાં સારી નોકરી મળી શકે છે તેમાં કોઈ બે મેત નથી. જો કે આના માટે તરીકા જુદા જુદા હોય છે. દરેક વયમાં જોબ શોધી કાઢવાની પ્રક્રિયા અને તરીકા બદલાતા જાય છે. આને લઈને પણ અભ્યાસની કામગીરી વિતેલા વર્ષોમાં નિષ્ણાંતો દ્વારા હાથ ધરવામાં આવી ચુકી છે. જેમાં કેટલીક મહત્વપૂર્ણ બાબત સપાટી પર આવી છે. દરેક વયમાં જોબ શોધવાની પદ્ધિતી સુ રહેલી છે તેના પર ધ્યાન આપવામાં આવે તો કેટલીક બાબતોને સારી રીતે સમજી શકાય છે. આ તો કડવી વાસ્તવિકતા છે કે વય વધવાની સાથે સાથે જોબ શોધવાની બાબત વધારે મુશ્કેલ રૂપ બનતી જાય છે. જોબ માર્કેટમાં કો પણ કંપની યુવાનોને પ્રથમ પ્રાથમિકતા આપે છે. આના માટેના કેટલાક કારણો હોય છે. ભારતમાં મોટા ભાગે હાયરિંગ મેનેજર અનુભવ કરતા વધારે યુવાનોને મહત્વ આપવામાં આવે છે. તેમને લાગે છે કે દેશમાં યુવાનો ખુબ મોટી સંખ્યામાં છે. જેથી ઓછા પૈસામાં વર્કફોર્સ જરૂરી પ્રમાણમાં મળી જાય છે. યુવાનો એનર્જીથી સજ્જ અને ભરેલા હોય છે. આયુવાનો લાંબા સમય સુધી કામ કરી શકે છે. હાયરિંગ મેનેજર વિચારે છે કે સતત ટેકનોલોજી બદલાઈ રહી છે અને આવી સ્થિતીમાં યુવાનો નવી ટેકનોલોજીને વધારે ઝડપથી સારી રીતે શિખી શકે છે. બિઝનેસ માહોલમાં અનુભવની કોઈ વેલ્યુ હવે રહી નથી. જુદી જુદી વયમાં જોબ સર્ચ કરતી વેળા જુદી જુદી રણનિતી અપનાવવામાં આવે છે. ૩૦ વર્ષની વયમાં જોબ સર્ચ પર ધ્યાન આપવામાં આવે તો કેટલીક વિગત ઉભરીને સપાટી પર આવી છે. કેટલીક સ્કીલ હાંસલ કરવામાં આવે છે. રેજ્યુમ પણ શાનદાર રાખવામાં આવે છે. કઈ રીતે પોતાના કેરિયરને દિશા આપી શકાય છે તે બાબત ઉપયોગી હોય છે. આ વયમાં પુરતા પ્રમાણમાં જોખમ લઈ શકાય છે. સાથે સાથે મનની વાત સાંભળી શકવાની સ્થિતી હોય છે. ખરાબ દિવસો માટે કેટલાક મહિનાના પગારને રીઝર્વ રાખવામાં આવે તે જરૂરી છે. દરેક પ્રકારના ઈન્ટરવ્યુ અને ઈન્ટરેક્શનથી કેટલીક નવી બાબત શિખવા મળે તે જરૂરી છે. દરેક સપ્તાહમાં છથી આઠ કલાકનો સમય સર્ચ અને એન્જોય તેમજ લર્ન માટે નક્કી કરવામાં આવે તો ઉપયોગી સાબિત થાય છે. એવા અવસરની શોધ કરવી જોઈએ જેના કારણે પ્રગતિની તક વધારે રહે છે. કામ પર પ્રભાવ છોડી શકાય તેવી કેરિયરની હમેંશા પસંદગી કરવાની વિચારણા કરવી જોઈએ. વર્તમાન કંપનીમાં સ્વૈચ્છા સાથે લીડરશીપ રોલ કરવા માટે તૈયારી રાખવી જોઈએ.

# બોસને રાજી કરવાના તરીકા શુ છે

નોકરી કરનાર દરેક વ્યક્તિ આ બાબત તો નિખાલસ રીતે સ્વીકાર કરે છે કે બોસની સાથ સારી ટ્યુનિંગ જળવાઈ રહે તે જરૂરી હોય છે. આના માટે દરેક કર્મચારી અલગ અલગ તરીકા અજમાવે છે. જો કે કેટલાક તરીકા એવા હોય છે દરેક પ્રકારના બોસને પ્રભાવિત કરે છે. આ તરીકા અજમાવીને કર્મચારીઓ બોસને ખુશ રાખી શકે છે. આના કારણે કર્મચારીને તેની કેરિયર બનાવવામાં ખુબ મદદ મળે છે. બોસને કેટલાક તરીકા અજમાવીને ખુશ રાખી શકાય છે. આજે આ લેખમાં અમે આ વિષય પર વાત કરી રહ્યા છીએ. પોતાના મેનેજરને સમજી લેવાની જરૂર હોય છે. દરેક મેનેજર જુદા જુદા હોય છે. જેથી કામને હેન્ડલ કરવાના તેમના તરીકા પણ જુદા જુદા હોય છે. સૌથી પહેલા તો મેનેજરની કામની પેટર્નને સમજી લેવાની જરૂર હોય છે. આના કારણે તેમના દ્વારા આપને આપવામાં આવેલા ગોલ્સને પૂર્ણ કરવામાં મદદ મળી શકે છે. જ્યારે આવુ થશે ત્યારે ગોલ્સને હાંસલ કરવામાં તમે પણ મહેનત સાથે આગળ વધી શકો છો. કોમ્યુનિકેશન કોઈ પણ સંબંધને મજબુત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. બોસ સાથે પણ કોમ્યુનિકેશન જાળવી રાખવા માટેની બાબત જરૂરી હોય છે. ગોલ્સ અને ટાર્ગેટને લઈને તેમને હમેંશા માહિતીગાર કરવામાં આવે તે જરૂરી હોય છે. આના કારણે બોસને આપની પ્રોગ્રેસ અંગે માહિતી મળતી રહે છે. આવી સ્થિતીમાં જો તમે કોઈ મુશ્કેલીમાં ફસાઈ જાવો છો ત્યારે આપના બોસને મદદ કરવામાં મદદ મળે છે. નાની નાની બાબતોને લઈને બસને પરેશાન કરવાની કોઈ જરૂર નથી. બોસ આપની મદદ માટે હમેંશા તૈયાર રહે છે પરંતુ નાની નાની બાબતોને લઈને બોસને હેરાન કરવાની બાબત મુશ્કેલીમાં મુકનાર તરીકે હોય છે. પોતાના લેવલ પર જ તમામ સમસ્યા અને અડચણોને દુર કરવાના પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. જો તમને લાગે કે આ બાબતો આગળ ચાલીને તમને હેરાન કરશે અને મોટા ઈશ્યુ તરીકે રહેશે તો આવી સ્થિતીમાં બોસ સાથે વાતચીત કરવામાં આવે તે જરૂરી છે. જો તમને કોઈ જવાબદારી સોંપવામાં આવી છે તો તેને પૂર્ણ કરવાના તમામ પ્રયાસો કરવામાં આવે તે જરૂરીછે. આનાથી ભાગવાના પ્રયાસ કરવા જોઈએ નહીં. કોઈ બહાના કરવાના પ્રયાસ પણ કરવા જોઈએ નહીં. તે બોસ પર ખરાબ અસર કરે છે. બોસની સામે ખરાબ છાપના કારણે તે આપને મુશ્કેલીમાં મુકી શકે છે. પોતાના કામને વહેલી તકે પૂર્ણ કરીને પોતાનુ ૧૦૦ ટકા યોગદાન આપવાના પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. કેટલીક વખત એવુ બને છે કે કોઈ મુદ્દા પર બસ આપની સલાહ મેળવે છે. આવી સ્થિતીમાં જો આપને કામ સાથે સંબંધિત માહિતી છે તો તે ઉપયોગી સાબિત થઈ શકે છે.



**આજકાલ**

લેખક : દીપક જગતાપ

**૧૭ જૂન : વિશ્વ રણવિસ્તાર રોકથામ દિવસ**

**સમગ્ર બ્રહ્માંડમાં આપણી એકમાત્ર નંદનવન જેવી પૃથ્વીની છે જ્યાં જીવન છે આ પૃથ્વી પર મહાસાગરો છે જંગલો છે ડુંગરો છે નદી છે પર્વતો છે તો બીજી તરફ અફાટ રણ પ્રદેશ પણ છે.**

# રણપ્રદેશો પણ પૃથ્વીની સપાટીની ૨૦ ટકા જગ્યા રોકે છે

**સાવધાન! પૃથ્વી પર ક્રમ: રણવિસ્તાર વધી રહ્યો છે! રણ પ્રદેશોમાં વર્ષે માંડ ૧૦ ઇંચ વરસાદ થતો હોય છે. રણમા બરફ પ ડી રહ્યો છે. આ બધી ઘટનાઓ જે ચિંતા જનક છે**

સામાન્ય રીતે સૂર્ય તરફ નજર કરવાની કે નજીકથી સૂર્યના ફોટા પાડવા કે સૂર્ય નો વિડીયો ઉતારવો કે સૂર્યની જ્વાળાઓના દ્રશ્યને કંડારવા એ બહુ જ મુશ્કેલઅને કઠિન કામ હોય છે.પણ આ કાર્ય નાસાએ શક્ય બનાવ્યુ છે. તાજેતરમાં નાસા ની ઓબ્ઝર્વેટીએ સૂર્યજ્વાળાઓને કેમેરામાં અને વીડિયોમાં કંડાર્યા છે અને નાસા એ આ તસ્વીર સોશિયલ મીડિયામાં શેર કરતા આ વિડીયો જોઈને લોકો દંગ રહી ગયા છે.

૧૭ જૂનઃ વિશ્વ રણવિસ્તાર રોકથામ દિવસ તરીકે ઉજવાય છે.. સમગ્ર બ્રહ્માંડમાં આપણી એકમાત્ર નંદનવન જેવી પૃથ્વીની છે જ્યાં જીવન છે આ પૃથ્વી પર મહાસાગરો છે જંગલો છે ડુંગરો છે નદી છે પર્વતો છે તો બીજી તરફ અફાટ રણ પ્રદેશપણ છે. પૃથ્વી પર ક્રમશઃ આ રણવિસ્તાર વધી રહ્યો છે. રણમા બરફ પ ડી રહ્યો છે. આ બધી ઘટનાઓ જે ચિંતા જનક છે સામાન્ય રીતે ઘણી એટલે રેતીનું રણ જ્યાં સતત અસહ્ય ગરમી પડતી હોય પાણીનો અભાવ હોય વૃક્ષો દેખાતા લોકોની વસ્તી ના હોય એવા રણપ્રદેશમાં લોકો જવાનું ટાળે છે પણ ખરેખર એવું નથી મેં જ્યારે પહેલી વાર જોયું જ્યારે જ્યારે બાજુ જ્યાં જ્યાં નજર કરો ત્યાં રેતી ના ઢગલે ઢગલા. સામાન્ય રીતે રેતીના રણમાં ચાલવું મુશ્કેલ હોય છે દોડવાની તો વાત જ ક્યાં કરવી પણ રણનું વ્હાણ ઊંટ ને



ગણવામાં આવ્યુ છે. કેક એકમાત્ર એવું પ્રાણીદ્વઉ માત્રા દોરી શકે છે અને લાંબા સમય સુધી પાણી લાવી શકે છે પણ મેં જ્યારે ટૂરિસ્ટો માટે રણમાં ફોરવીલર સરકારી કારને દોડતી જોઈ ત્યારે આશ્ચર્ય અનુભવ્યું રણમાં ગાયો પણ તોડી શકે છે પ્રવાસીઓ રણપ્રદેશમાં પૈસા ખર્ચીને મુલાકાત લેતા હોય છે ત્યારે ખરેખર રણની દુનિયા પણ અદભૂત છે

રણ એ જમીનનો એક ક્ષેત્ર છે જે ખૂબ જ શુષ્ક હોય છે કારણ કે તેમાં વરસાદ ઓછો પ્રમાણમાં પ્રાપ્ત થાય છે (સામાન્ય રીતે વરસાદના સ્વરૂપમાં, પરંતુ તે બરફ, ઝાકળ અથવા ધુમ્મસ હોઈ શકે છે). ત્યાં વનસ્પતિ પણ ઓછી હોય છે. ત્યાં નદીઓ પણ સુકાયેલી હોય છે, જ્યાં સુધી તેઓને વિસ્તારની બહારથી પાણી પુરૂ પડવામાં ન આવે. રણ સામાન્ય રીતે દર વર્ષે ૨૫૦મિમી કરતા ઓછો વરસાદ મેળવે છે. સંભવિત બાષ્પીભવન એ મોટું હોઈ શકે છે પરંતુ પાણીની ગેરહાજરીમા વાસ્તવિક બાષ્પીભવન શૂન્યની નજીક હોઈ શકે છે. અર્ધરણ એવા ક્ષેત્ર છે જે ૨૫૦મિમી અને ૫૦૦મિમી વચ્ચે વરસાદ મેળવે છે અને જ્યારે ઘાસમાં ઢંકાયેલ હોય ત્યારે આ મેદાન તરીકે ઓળખાય છે.

**રણની અનોખી વાતો :**

પૃથ્વી પર પહાડો, જંગલો, મહાસાગરોની જેમ રણપ્રદેશો પણ પૃથ્વીની સપાટીની ૨૦ ટકા જગ્યા રોકે છે. પણ રણ એટલે રેતીનો મહાસાગર. દૂર સુધી રેતી જ પથરાયેલી જોવા મળે છે. વનસ્પતિ કે જળાશયનું નામ નિશાન નહીં. કેટલાક રણપ્રદેશો તો નવાઈ ઉપજાવે તેવા હોય છે. રણ પ્રદેશોમાં વર્ષે માંડ ૧૦ ઈંચ વરસાદ થતો હોય છે. રણ પ્રદેશોમાં ગરમી જ હોય તેવું નથી. ગોબી અને એન્ટાર્કટીકાના રણમાં તીવ્ર ઠંડી પડે છે. રણ પ્રદેશમાં બહુ ઓછી વનસ્પતિ થાય પરંતુ જેટલી થાય છે તેને પાણીની જરૂર ઓછી પડે. તેમના મૂળ ઘણે ઊંડે સુધી પહોચેલા હોય છે.રણપ્રદેશમા માનવીઓ ઓછા પણ પ્રાણીઓ અને વનસ્પતિનું અદ્ભૂત સૃષ્ટિ આવેલી છે.રણપ્રદેશના પ્રાણીઓના શરીર એવા ઘડાયા છે કે તેમને પાણી વિના લાંબા સમય ચાલે. કેટલાક નાના પ્રાણી તો માત્ર રાત્રેજ બહાર નીકળે છે. રણમાં ઊંટ, ઘેટાં, ખચ્ચર, ગરોળી, સાપ, ઉંદર જેવા પ્રાણીઓ વધુ જોવા મળે છે.

**વિશ્વના રણપ્રદેશો :**

આફ્રિકાનું સહરાનું રણ વિશ્વનું સૌથી મોટું રણ છે. તે ૮૬ લાખ ચોરસ કિલોમીટરમાં પથરાયેલું છે. આફ્રિકાનું બીજુ પણ કલહરીનું રણ ૯ લાખ ચોરસ કિ.મી. પથરાયેલું છે. ભારતમાં થારનું રણ આવેલું છે જેનો કેટલોક ભાગ પાકિસ્તાનમાં છે. વિખ્યાત ગોબીનું રણ ૧૩ લાખ ચો.કિલોમીટર પથરાયેલું છે. તે ચીન અને મોંગોલિયામાં છે. વિશ્વમાં ઘણા પ્રકારના રણ છે. તે પાર્થિવ બાયોમ છે જે વર્ષ દરમિયાન ઓછામાં ઓછો વરસાદ અને સૌથી વધુ સૌર કિરણોત્સર્ગ મેળવે છે.



**ચીનમાં ઇલેક્ટ્રિક વાહનોને અપનાવવામાં આવી રહ્યાં છે, જેના કારણે પેટ્રોલ અને ડીઝલના વપરાશમાં ઘટાડો થયો**

**ભારત વૈશ્વિક ક્ષેત્રે ઓઇલની માગમાં ટૂંક સમયમાં ચીનને પાછળ છોડીને મુખ્ય ચાલક બની જશે, જોકે તેમ છતાં તેની પાસે ગ્રીન હાઇડ્રોજન ઉત્પાદનમાં વૈશ્વિક અગ્રણી બનવાની તક રહેશે.**

# ભારત, ઓઇલની માગના ચાલક તરીકે ટૂંક સમયમાં ચીનને પાછળ છોડી દેશે

**સૌર ઊર્જા જેવા અક્ષય ઊર્જાના સ્રોતોમાંથી ઉત્પન્ન થતી સસ્તી વીજળીના કારણેદેશને ગ્રીન હાઇડ્રોજન ક્ષેત્રમાં અગ્રેસર તરીકે પરિવર્તિત થવામાં મદદ મળી શકે છે.**

ઇન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA)ના વડા ફાતિહ બિરોલે બુધવારે જણાવ્યું હતું કે, ભારત વૈશ્વિક ક્ષેત્રે ઓઈલની માગમાં ટૂંક સમયમાં ચીનને પાછળ છોડીને મુખ્ય ચાલક બની જશે, જોકે તેમ છતાં તેની પાસે ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદનમાં વૈશ્વિક અગ્રણી બનવાની તક રહેશે. વસતીમાં થઇ રહેલી વૃદ્ધિ, જે કદાચ પહેલાંથી જ ચીન કરતાં વધારે થઈ ગઈ છે તેના કારણે વિશ્વના ત્રીજા સૌથી મોટા ઊર્જા વપરાશકાર દેશ ભારતમાં માગમાં વૃદ્ધિ થઈ રહી છે. અશ્મિભૂત ઈંધણમાંથી સ્વચ્છ ઊર્જાના સ્રોતોમાં તેનું સ્થળાંતરણ અન્ય પ્રદેશોમાં પાછળ રહેવાની અપેક્ષા છે, પરંતુ સૌર ઊર્જા જેવા અક્ષય ઊર્જાના સ્રોતોમાંથી ઉત્પન્ન થતી સસ્તી વીજળીના કારણેદેશને ગ્રીન હાઈડ્રોજન ક્ષેત્રમાં અગ્રેસર તરીકે પરિવર્તિત થવામાં મદદ મળી શકે છે. બિરોલે અહીં યોજાયેલા G20 કાર્યક્રમની સાથે સાથે ચર્ચા દરમિયાન PTIને જણાવ્યું હતું કે, “ભારતમાં ઓઈલની માગ વધશે. મને લાગે છે કે, ભારત ટૂંક સમયમાં ચીનને પાછળ છોડીને વૈશ્વિક ઓઈલની માગમાં વૃદ્ધિનું સૌથી મોટુંચાલકબની જશે”. આની પાછળનું મુખ્ય કારણ એ



છે કે, ચીનમાં ઈલેક્ટ્રિક વાહનોને ઝડપથી અપનાવવામાં આવી રહ્યાં છે, જેના કારણે પેટ્રોલ અને ડીઝલના વપરાશમાં ઘટાડો થયો છે. તેમણે કહ્યું હતું કે, “ચીનમાં કાર અને બસોનું ઝડપથી વિદ્યુતીકરણ થઇ રહ્યું છે, જે ઓઈલની માગમાં ઘટાડો થવાનું એક પરિબળ છે.” તેમણે આશા વ્યક્ત કરી હતી કે,વિદ્યુતીકરણ (વીજળી દ્વારા ચાર્જ કરવામાં આવતી બૅટરી પર ચાલતા વાહનો)માં વધારો થવાથી ભારતમાં પણ માંગમાં ઘટાડો થશે. ૨૦૨૨માં ચીનમાં ઈવ (ઈલેક્ટ્રિક વાહન)નું વેચાણ લગભગ બમણું થઈને ૬.૧ મિલિયન યુનિટ થયું હતું જ્યારે તેની સરખામણીએ સમાન સમયગાળામાં ભારતમાં ૪૮,૦૦૦ વાહનોનું વેચાણ થયું હતું. અગાઉ, આ કાર્યક્રમમાં બોલતા, બિરોલે જણાવ્યું હતું કે, તેમણે છ વર્ષ પહેલાં કહ્યું હતું કે ભારત વૈશ્વિક ઊર્જાની બાબતોના કેન્દ્ર સ્થાને જવા માટે તૈયાર છે. તેમણે કહ્યું હતું કે, “આજે ૬ વર્ષ પછીહું તમને કહી શકું છુ કે, ભારત આજે વૈશ્વિક ઊર્જાની બાબતોના કેન્દ્ર સ્થાને છે.” આ માત્ર તેની જંગી માગના જોરે નથી થયું, પરંતુ તેણે સૂર્ય જેવા અક્ષય ઊર્જાના સ્રોતોમાંથી વીજળી ઉત્પન્ન કરવામાં અને અશ્મિભૂત ઈંધણના બદલે શેરડી, ખાદ્યાન્ન અને કૃષિ કચરામાંથી ઉત્પન્ન થતા ઈથેનોલ જેવા બાયોફ્યુઅલનો ઉપયોગ કરવામાં પણ ઝડપી પ્રગતિ કરી છે. તેમણે જણાવ્યું હતું કે, પેટ્રોલમાં ૧૦ ટકા ઈથેનોલનું મિશ્રણ કરવાથી દેશને ૨ અબજ અમેરિકી ડૉલરની સમકક્ષ ઓઈલની આયાત ટાળવામાં મદદ મળી છે. તેમણે ઉમેર્યું હતું કે, “છેલ્લા ૫ વર્ષમાં, ભારત વૈશ્વિક સૌર ક્ષમતામાં સૌથી મોટુંયોગદાન આપનારો દેશ રહ્યો હતો” તેમજ કહ્યું હતું કે, તેના કારણે ૫૦૦ મિલિયન લોકોને વીજળીની સુલભતા પૂરી પાડવામાં આવી છે અને લગભગ ૧૦૦ મિલિયન લોકોને રસોઈ માટે ઉપયોગમાં લેવાતા લાકડા અને અન્ય બળતણના કારણે ફેલાતા ઘરેલું પ્રદૂષણથી બચાવવા માટે તમને રાંધણ ગેસ આપવામાં આવ્યો છે. ઊર્જાના સૌથી સ્વચ્છ જાણીતા સ્વરૂપ હાઈડ્રોજન માટે પણ આવું જ કરી શકાય છે. તેમણે જણાવ્યું હતું કે, ભારત ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન કરવા માટે પાણીના વિભાજન માટે અક્ષય ઊર્જાનાસ્રોતોમાંથી ઉત્પન્ન થતી સસ્તી વીજળીનો ઉપયોગ કરી શકે છે. તે સૌથી ઓછા ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદક તરીકે ઉદયમાન થઈ શકે છે.

# હાર્ટ સાથે સંબંધિત રોગ અને કેન્સરની તકલીફનો ખતરો રનિંગથી ૩૦ ટકા સુધી ઘટી જાય છે : કોઇ પણ પ્રકારની રનિંગથી ફાયદો થાય છે

